જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૨/૨૦૧૫ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૪૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી ૯૧ લીટર દેશી દારૂ, ૨૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૧ બિયર ટીન અને એક કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૪૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૫૫૦/૧૫**

**રખિયાલઃ** હાજીભાઇ જીવાભાઇ સંધી (ઉ.વ.૫૪) (રહે.ઔડાના ત્રણ માળીયા મકાનમા સાઇ મસ્જીદની બાજુમા ગુરુદ્વારાની સામે દુધેશ્વર) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી તા.૧૯/૧૨/૧૫ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે રખિયાલ અજીતમીલ કંપાઉન્ડ નજીક પોતાના પુત્ર જાવેદ ઉર્ફે જાવલોને આરોપી મોહમદ (જેના પુરા નામની ખબર નથી) (રહે.ઔડાના ચાર માળીયા મકાનમા અજીતમીલ કમ્પાઉન્ડ રખિયાલ) સાથે પૈસાની લેતી દેતી બાબતે ઝગડો થતા આરોપી મોહમદે હાજીભાઈના પુત્ર જાવેદને તિક્ષ્ણ હથીયારથી શરીરના અલગ અલગ જગ્યાએ નાના મોટા સાતેક જેટલા ઘા મારી જીવલેણ હુમલો કરતા જાવેદનુ મોત નિપજાવ્યુ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એન.ચાવડા ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામે બાતમીના આધારે રખિયાલ પોલીસ ઈન્સ્પેકટરશ્રી તથા સર્વેલન્સ સ્કોડના પોલીસ સ્ટાફના માણસોએ વોચ રાખી આજરોજ તા.૨૦/૧૨/૧૫ બપોરના ૧૫/૩૦ વાગ્યાના સુમારે અર્બનનગર ચાર રસ્તા નજીકથી આરોપી મોહમદ પ્યારૂભાઈ શેખ (ઉ.વ.૪૦) ને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

**બળાત્કાર/સૃષ્ટીવિરૂધ્ધ કૃત્યની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૫૫૧/૧૫**

**શહેરકોટડાઃ** સૈજપુર બોઘા ખાતે રહેતી ૨૭ વર્ષની યુવતીએ તા.૧૯/૧૨/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી છબીલાલ રામજીભાઈ પટેલ (રહે. નરોડા ફ્રુટ માર્કેટ, શીવમ ગેસ્ટ હાઉસ, મુળવતન રાજસ્થાન) એ યુવતીનો નગ્ન વિડીયો ક્લીપ ઉતારી, ક્લીપ જાહેર કરવાની ધમકી આપી છેલ્લા છ માસથી તા.૧૯/૧૨/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન યુવતીને હોટલ શિવમ ખાતે બોલાવી યુવતીની મરજી વિરૂધ્ધ ૨૦ થી ૨૫ વાર શરીર સંબંધ બાંધ્યો હતો, તેમજ સૃષ્ટી વિરૂધ્ધનુ કૃત્ય કર્યુ હતુ. તેમજ યુવતીને ક્લીપ નહી આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી કે વી ડીંડોર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૫૫૨/૧૫**

**વેજલપુરઃ** પ્રહલાદભાઈ લઘુભાઈ ડાભી (રહે.સિલ્વર ફ્લોરા બિલ્ડીંગ પાછળ ભઠ્ઠા ગામ વાસણા) એ તા.૧૯/૧૨/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પુતાની પુત્રી તેજલ (ઉ.વ.૧૭) ને આજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ બી વાળંદ ચલાવે છે.

**ઓઢવઃ** અંશુકુમારી શંકરભાઈ સહ્નની (ઉ.વ.૧૨) (રહે. મોમાનગર રબારી વસાહત ઓઢવ) ને તા.૧૬/૧૨/૧૫ રાતના ૮/30 વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી હિમતભાઈ કમલભાઈ પાસવાન (રહે.એસ.આર કેવલ બફ વર્કસ કારખાનામાં ગુંજન સિનેમા સામે ઓઢવ) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ અંશુકુમારીના પિતા શંકરભાઈ સહ્નનીએ તા.૧૯/૧૨/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ એમ પટેલ ચલાવે છે.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૫૫૩/૧૫**

**મણીનગરઃ** કમલાબહેન ભાનુપ્રસાદ પટેલ (ઉ.વ.૭૧) (રહે. નિકિતા એપાર્ટમેન્ટ સેલ પેટ્રોલપંપની પાછળ મણીનગર) તા.૧૯/૧૨/૧૫ સવારના ૧૧/30 વાગ્યાના સુમારે જલારામ પ્લાઝા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કમલાબહેનને વિશ્વાસમાં લઈ આગળ ચોરી થઈ છે પોલીસ ચેકીંગ ચાલુ છે. તેમ કહી સોનાની ચઈન અને સોનાની બંગડી કિમત ૭૦,૦૦૦/- ઉતરાવી થેલીમાં મુકવાનો ડોળ કરી નજર ચુકવી છેતરપીંડી કરી દાગીના લઈ પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ કમલાબહેન પટેલે મણીનગર પોલીસ સ્ટેશન ફરીયાદ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એમ તેજોત ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)